**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૬/૧૨/૨૦૧૭ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૫૯૩/૧૭**

**શાહપુર પોલીસ સ્ટેશન :**

મ્હે.પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-01 સાહેબ તથા DCP શ્રી ઝોન-2 સાહેબ તથા ACP શ્રી C ડિવિઝન સાહેબ નાઓ તરફથી અગામી આવતા મકરસંક્રાંતીના તહેવાર અન્વયે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાઇનીઝ દોરી તથા ચાઇનીઝ તુક્કલોનુ વેચાણ કરતા ઇસમોને શોધવા સારૂ મળેલ સુચના આધારે અમો આર.પી.ધરસંડીયા પોલીસ ઇન્સપેક્ટર નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ તથા સ્ટાફના માણસોને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે શાહપુર અખાડા પથ્થરવાળી મસ્જીદ પાછળ આવેલ સ્ટીમ પ્રેસના કારખાનામાં રેઇડ દરમ્યાન આરોપી અનવરહુશેન S/O અલ્તાફહુશેન જાતે-પાનારા ઉ.વ-29 રહે-ઘ.નં-171 પથ્થરવાળી મસ્જીદ પાછળ શાહપુર અખાડા શાહપુર અમદાવાદ શહેર નામનો ઇસમ અલગ અલગ કલરની અધુરી તથા શીલપેક ચાઇનીઝ દોરીની ફીરકી નંગ-10 કિં.રૂ.2850/- તથા અલગ અલગ ફીરકી વીંટવાના લોખંડના મશીન નંગ-03 કિં.રૂ.2500/-મળી કુલ્લે કિં.રૂ.5350/-નો મુદ્દામાલ સાથે મળી આવતા મ્હે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામા હુકમનો ભંગ કર્યા બદલ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.તા-25/12/2017

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

**ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ**




**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**